# યુએસ કોન્સ્યુલેટ ઓફિસમાં ૨૨૧જી અથવા એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ

વિઝા એપ્લિકેશન પ્રોસેસના ભાગરૂપે, કોન્સ્યુલર ઓફિસર દ્વારા અરજીકર્તાઓના રાબેતા મુજબ



માઈકલ ફુલવાની  ડેવિડ એચ. નાચમેન  લુડકા ઝિમોવકાક

ઈન્ટરવ્યુ લેવામાં આવતા હોય છે. પ્રસંગોપાત, કેટલાક અરજીકર્તાઓને એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ અંતર્ગત સ્થાન આપવામાં આવે છે, જે નિર્દેશ કરે છે કે અરજીને મંજૂરી આપવી કે તેનો ઈનકાર કરવો તેનો અંતિમ નિર્ણય કરતાં અગાઉ કોન્સ્યુલર ઓફિસર નક્કી કરી શકે છે કે વધારાની માહિતી અથવા નજીકનો અભિપ્રાય જરૂરી છે કે કેમ. અરજીકર્તાઓને એ વાતનો ખ્યાલ હોવો જોઈએ કે તેઓનો કેસ એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ અંતર્ગત છે અને વિઝા ઈન્ટરવ્યુના ૬૦ દિવસમાં તેઓના પ્રોસેસિંગ ટાઈમમાં તેઓનો કેસ ઉકેલાઈ જશે. જોકે ચોક્કસ સમયગાળો, દરેક કેસના વ્યકિતગત સંજોગો પર આધારિત હોય છે. આથી વિઝા અરજીકર્તાઓએ તેઓના વિઝા માટે, નિર્ધારિત પ્રવાસ તારીખ અગાઉ, વેળાસર અરજી કરવી જોઈએ.

આ લેખમાં 'એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ' અને તેના 'પાયાના સિદ્ધાંતો' વિશે વર્ણન કરવામાં આવ્યું છે.

**'એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ'ની વ્યાખ્યા કઈ છે?**

ધ ફોરેન અફેર્સ મેન્યુઅલ (એફએએમ) 'એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ'ની વ્યાખ્યા આપે છે:

'જરૂરી વહીવટી પ્રક્રિયા'નો શબ્દસમૂહનો ઉપયોગ ડિપાર્ટમેન્ટમાં કેસના સબમિશન અથવા કિલયરન્સ પ્રોસિજર્સની સ્પષ્ટતાનો ઉલ્લેખ કરવા થવો જોઈએ.

ધ ફોરેન અફેર્સ મેન્યુઅલ (એફએએમ) કોન્સ્યુલર ઓફિસરોને વિઝા અરજીકર્તાઓ સમક્ષ અપાયેલા કેસમાં વહીવટી પ્રક્રિયા માટે ચોક્કસ કારણ બહાર ન પાડવા કાઉન્સેલિંગ કરે છે: વિવિધ પોસ્ટ દ્વારા એટર્ની સહિત રસ ધરાવતી વ્યક્તિઓને માહિતી આપશે નહીં, આથી આ કેસ ડિપાર્ટમેન્ટને નામની તપાસ અથવા સલાહ કે અભિપ્રાય લેવા માટે મોકલાશે.

**વધુ પરામર્શ:** કોન્સ્યુલર ઓફિસર અરજીકર્તાને સલાહ આપી શકે છે કે તેમના કેસમાં વધારાની 'વહીવટી પ્રક્રિયા'ની જરૂર પડી શકે છે, જો કોન્સલ માને કે એવા કેટલાક સંજોગો છે જેના કારણે મિશન અને ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ સાથે આંતરિક પરામર્શની જરૂરિયાત ઉભી થઈ શકે છે.

આ પ્રકારના કેસમાં સામાન્યપણે બ્યુરો ઓફ કોન્સ્યુલર અફેર્સ વિઝા ઓફિસમાં ઓફિસ ઓફ લીગલ અફેર્સમાંથી સલાહકારી અભિપ્રાયની જરૂર પડતી હોય છે.

**ડેટાબેઝ 'હીટ':** તમામ વિઝા અરજીકર્તાઓ પાસે તેઓનો બાયોગ્રાફિક અને બાયોમેટ્રિક ડેટા હોવો જોઈએ જેથી વિવિધ ડેટાબેઝ વિરુદ્ધ ચેક થઈ શકશે અને તેના પરિણામો કોન્સ્યુલર ઓફિસરને વિઝાના નિર્ણય લેવા માટે પૂરા પાડવામાં આવશે. જો આ તપાસ સંભવિત મેચ (અથવા 'હીટ') નિર્દેશ કરે કે જે તે વ્યક્તિ વિશે અમેરિકી સરકાર પ્રતિકૂળ નિરીક્ષણ કરવી જોઈએ, કે વિઝા માટે અરજી કરનાર વ્યક્તિ વિઝા ઈસ્યુ કરતાં અગાઉ વોચ લિસ્ટ પર એકસમાન વ્યક્તિ નથી.

**ટેકનોલોજી એલર્ટ લિસ્ટ:** એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ ચોક્કસ વિઝા અરજીઓનું પરિણામ બની શકે છે, જયાં અરજીકર્તા ટેકનોલોજી એલર્ટ લિસ્ટ (ટીએએલ)માં જણાવ્યા મુજબ ટેકનોલોજીના સંભવિત ગેરકાયદે ફેરબદલ વિશે વ્યવસાયિક અથવા શૈક્ષણિક પ્રવૃત્તિ કરવાનો ઈરાદો ધરાવે છે.

આ છેલ્લા બે પ્રકારના એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગનો સિનારિયો, અથવા સિકયુરિટી એડવાઈઝરી ઓપિનિયન્સ (એસએઓ) માટેની વિનંતીનો વિઝા ડોન્કી તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ ટાઈમટેબલ શું છે?**

ડીઓએસ એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ વેબપેજ આપણને માહિતી આપે છે કે 'મોટાભાગની વહીવટી પ્રક્રિયા વિઝા ઈન્ટરવ્યુના ૬૦ દિવસમાં ઉકેલાઈ જતી હોય છે.' અન્ય શબ્દોમાં કહીએ તો, જે ઉપભોક્તાઓની વિઝા અરજીઓ વહીવટી પ્રક્રિયાને આધિન હોય છે, તેઓને સલાહ છે કે તેઓના કેસનો વિઝા ઈન્ટરવ્યુના બે માસમાં ઉકેલ આવવાની સંભાવના છે.

**શું વિઝા માટે અરજી કરતી વખતે અરજીકર્તા દરેક સમયે વહીવટી પ્રક્રિયાને આધિન હોય છે?**

હા. કોન્સ્યુલર ઓફિસરો વિઝા માટે જે તે વ્યક્તિગત અરજીઓ દરેક સમયે વહીવટી પ્રક્રિયા માટે કેસ મોકલવા માટે બંધાયેલા હોય છે.

**એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ કેસ વિશે હું કયારે ફોલો-અપ કરી શકું છું?**

ડીઓએસ એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ વેબપેજ નોંધે છે કે:

મહત્વની સૂચના: વહીવટી પ્રક્રિયાના દરજ્જા વિશે પૂછપરછ કરતાં અગાઉ, અરજીકર્તાઓ અથવા તેઓના પ્રતિનિધિઓએ મુલાકાતની તારીખ અથવા જરૂરી દસ્તાવેજોના સબમિશનથી ૬૦ દિવસ સુધીની રાહ જોવાની જરૂર છે.

**એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસિંગ કેસ વિશે હું કોનો સંપર્ક કરી શકું છું?**

૧. ઈન્ટરવ્યુની તારીખ પછી ૬૦ દિવસ રાહ જોયા બાદ, તમે કોન્સ્યુલરનો સંપર્ક કરી શકો છો.

૨. ૩૦ દિવસ પછી કોન્સ્યુલર તરફથી કોઈ જવાબ ન મળે, તો તમે સ્ટેટસ ઈન્કવાયરી માટે ફરી સંપર્ક કરી શકો છો.

૩. તમારા ફોલો-અપ પછી પણ કેસ પેન્ડીંગ રહે, તો તમે મહિનામાં એક વાર સીધો સંપર્ક કરી સ્ટેટસ જાણી શકો છો.

૪. લાંબા સમય સુધી પેન્ડીંગ રહેલા વહીવટી પ્રક્રિયાના કેસો માટે, તમારા કલાયન્ટ માટે કોંગ્રેસનલ આસિસ્ટન્સની સલાહ લેવી જોઈએ.

યુએસ ઈમિગ્રેશન એન્ડ નેશનલિટીને લગતા કાયદાઓની તમારા પર, તમારા પરિવાર, તમારા મિત્રો, તમારાં સગાંસંબંધીઓ પર કેવી અસર પડી શકે છે તે વિશે વધુ માહિતી માટે તમે અમારા ઈમિગ્રેશન એન્ડ નેશનલિટી લોયર્સ અથવા એટર્નીઝ સાથે વાત કરી શકો છો અથવા નાચમન ફુલવાની ઝિમોવેક (એનપીઝેડ) લો ગ્રુપ, પી. સી.નો ઈ-મેઈલ info@visaserve.com પર સંપર્ક કરી શકો છો અથવા ૨૦૧-૬૭૦-૦૦૦૬ (૧૦૭) પર ફોન કરી